શ્રીલીંબડી મહારાજાશ્રી દોલતસિંહજી
મહારાણાના દીવાન શ્રીઝવેરભાઈનાથાભાઇ
દેસાઇની દીકરીનો જાહોજલાલીથી
લીંબડી મુકામે થએલો

વિવાહ ઉત્સવ.

લગન વસોના ઇનામદાર શ્રીમાન દેસાઇ
શ્રીગોપાળદાસ અંબાઇદાસ સાથે થયાં.

રચનાર અને છપાવી પ્રસિદ્ધ કરનાર,
કવિ શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભાટ.
ગોમતીપુર—અમદાવાદ.

સને ૧૯૧૩. પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦.

અમદાવાદ:
ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં હરિપ્રસાદ પિતાંબરદાસ
મહેતાએ છાપ્યો.
કીમત સવા આનો.



શ્રીલીંબડી દરબાર શ્રી દોલતસિંહજી મહારાણાના દીવાન શ્રી ઝવેરભાઇ નાથાભાઇની દીકરીનો જાહોજલાલીથી લીંબડી મુકામે થયેલો

વિવાહ ઉત્સવ.

લગન વસોના ઇનામદાર શ્રીમાન દેસાઇશ્રી ગોપાળદાસ અંબાઇદાસ સાથે થયાં.

મનહરછંદ.

દેસાઇ ગોપાળદાસ, વડેરી વર્યા સુવાસ;
ખાનદાની કીધી ખાસ, વિર વિદ્વાન હે.
મેળવી મુબાર્ક બાદી, શોભાવી સરસ ગાદી;
અચળ રહો અનાદી, મર્તબો મહાનહે.
વડા વિવાહ પ્રસંગ, ઉદારતા આણી અંગ;
રૂડેરો રાખ્યો સુરંગ, જસવી સુજાનહે.
કહે કવિ શિવરાજ, ઉદાર અક્કલ બાજ;
સફળ હો સહુ કાજ, બુદ્ધિકે નિધાન હે. ૧

ગોપાળ સુગુણવાન, જાહેર પ્રસિદ્ધ મહાન;
ખૂબીદાર ખાનદાન, દીલકે દયાળ હે.
વિમળ પ્રભા વિકાસી, સારી વર્યા સાહબાસી;
વિર વસોકે નિવાસી, કુલીન કૃપાલ હે.
ગુણકે નિધિ ગંભીર, વિદ્યા વિશારદ વીર;
ઇજતદાર અમીર, વિવેકી વિસાલ હે.
કહે કવિ શીવલાલ, ધર્મ નીતિ પ્રતિપાલ;
મોતીયાંકે છંદી માલ, પ્રખ્યાત પ્રવાલ હે. ૨

દુહા

વડે દરજજે આહવું, વિવાહનુંજ વિધાન;
એથિ અલ્પજ આળેખ્યું, બ્હાદુર ગૃહસ્થો બ્યાન. ૧

ગરબી.

" અલબેલીરે અંબેમાત જોવાને જઇએ. એ રાગ. "

દુનિયા પ્રસિદ્ધ દેસાઈ, વસો કેરા વાસી;
ગુણનિધી ગોપાળદાસભાઇ, વિમળ કીર્તિ વિકાસી. ટેક.
આત્મજ અંબાઇદાસ અમીનના, ગૃહસ્થ મોટા ગુણવાન રે;
કૂળદીપાવન કેસરી કહાવે, મરતબાદાર મહાન. વસો૦ ૨
વડીલોકેરી ઇજત વધારી, દેશ અરૂ વિદેશ રે;
વિવેક કીધો વિવાહ પ્રસંગે, ખુશ હવા લીંબડી નરેશ. વસો૦ ૩
દાત દીધી બહુ ભાટ ચારણને, કવિને કર્યા શિરપાવ રે;
જાનજકેરો જુક્તિબંધ હવો, ઝાઝે દરજજે જમાવ. વસો૦ ૪
વિધવિધનાં વાજાં વાજે, ઢોલ નગારાં શરણાઇ રે;
બેન્ડોવાળા બહુ તરેહના, રાગો રહ્યા સૌ ગાઇ. વસો૦ ૫

તેજસ્વી ઘોડા રથ ઘણેરા, પાલખીયોનો નહીં પાર રે;
સોનેરી શીખરે શીઘર મ, વડેરો જેનો વિસ્તાર. વસો૦ ૬
જાનઇયાનું સાજન મોટું, શોભા દેતું ખુબ રે;
મહારાજા શ્રીદોલતસિંહજી, મુદીત હવા મહેબુબ. વસો૦ ૭
દબદબો જોઇ દેસાઇજીનો, ખુશ હતી રઇયત રાજ રે;
વસો કેરા વિબુધ નરનો, રજવટી રૂડો રીવાજ. વસો૦ ૮
વરરાજાની વડી શોભા જોઇ, દીપતો જોઇ દરેશ રે;
ખુશ હવી સૌ ખલક શહેરની, નામદાર મોટા નરેશ. વસો૦ ૯
દરબારીઓનાં દીલ પોરસાયાં, દેસાઇનો દેખી દમામ રે;
સોના સમો સૂર ઉદે આજનો, વદે સૌ વસ્તી તમામ. વસો૦ ૧૦
ખુશ ખુશ હવા લીંબડીકેરા, દોલતસિંહજી દરબાર રે;
મહારાણાએ મોદ ભરે મન, સારો કીધો સત્કાર. વસો૦ ૧૧
મહારાજાએ મોટા ઉત્સાહે, દેઇ સુકન્યા દાન રે;
તોડા પહેરાવ્યો સોનાનો શોભતો, મહા મોટો મુલવાન. વસો૦ ૧૨
વિગેરે વસ્તુઓ દાયજામાં દીધી, આણી ઉર ઉત્સાહ રે;
જયજયકાર હવો સૌ જાનમાં, વડી હવી વાહ વાહ. વસો૦ ૧૩
વડાં વિવેકી છે રાણીસાહેબ, અધિક દીલનાં ઉદાર રે;
વસ્ત્રાભૂષણ વડાં પહેરાવી, પધરાવી માયરા મોઝાર. વસો૦ ૧૪
પોતાની કુંવરી જેવોજ કીધો, વડે દરજ્જે વિવેક રે;
જરી ઝવેરભાઇ દેસાઇજીનો, નિર્મળી જાણી નેક. વસો૦ ૧૫
પટરાણી છે પૈસાદાર, જેમની રજવટ રીત રે;
ભરતખંડની રાણીનું ભુષણ, ખલક બિચે ખચિત. વસો૦ ૧૬
સતી શિરોમણ સૂરાં કહાવે, અતિશયોક્તિ ન કીધ રે;
ઉદાર મનનાં અચળ રહો એ, પટરાણી પ્રસિદ્ધ. વસો૦ ૧૭

સૌભાગ્યવંતાં સલામત રહો, આર્ય મહારાણીઓનું નુર રે;
મહારાણા મશહુર તેવા, અલ્લેલ્લાજ શ્રીહજુર. વસો૦ ૧૮
ભવ્ય ભાગી એ ભૂપ દોલતસિંહ, હોંશિયાર જેમના યુવરાજ રે;
દીગવિજયસિંહ જેવા જસ્વિ, બાહોશ અક્કલબાજ. વસો૦ ૧૯
વજીર વિબુધ ઝવેરભાઇ જસ્વિ, અનુભવી હોંશિયાર રે;
રાજ કાજે રૂડા પ્રકારે, દીપાવ્યો રાજ દરબાર. વસો૦ ૨૦
ચિર વસોકેરાજ કહાવે, કીધી વાંસદા વગેરે વજીરાત રે;
રાજકાજે સારા કુશળ, પોલીટીકલોમાં પ્રખ્યાત. વસો૦ ૨૧
વજીરાતો કરી વડાં રાજ્યોની, મોટું પામ્યા માન રે;
એજનસીના અધિકારીએ, લાયક કીધાં લખાણ. વસો૦ ૨૨
સદાચરણી સાત્વકી સારા, બાહોશ બુદ્ધિ વિશાળ રે;
સેવા સ્મરણમાં ચિત્ત જેમનું, દાના પરમ દયાળ. વસો૦ ૨૩
એજનસીને હરેક લોકમાં, સારી વર્યા સુવાસ રે;
માન મુબારકબાદી મેળવી, પરીમલ જેમનો પ્રકાશ. વસો૦ ૨૪
ઉદયકરમી આલમ વિશે, ઝવેરભાઇ દેસાઈ રે;
મર્તબાવાળા મોટા મળિયા, જહાં પ્રસિદ્ધ જમાઈ. વસો૦ ૨૫
વસોનગરમાં વડાજ કહાવે, અધિક આબરૂદાર રે;
સરકાર ને વળી સદ્‌ગૃહસ્થોમાં, સારો પામે સતકાર. વસો૦ ૨૬
ગાયકવાડે દેસાઇપદ બક્ષ્યું, બક્ષ્યાં છત્રી મસાલ ચોબદાર રે;
વડીલો જેમના વિકસ્યા એવા, અધિક આપ્યો અધિકાર. વસો૦
ઉજ્વળ કીર્તિ મેળવી જેમણે, ઉજ્વળ કર્યો ઉજાસ રે;
ન્યાત જાત ને નગરમાંહે, ખાનદાન કહેવાય ખાસ. વસો૦ ૨૮
વડીલોનું વડા પ્રકારે, નિશ્ચળ રાખ્યું નામ રે;

વખાણે વડા વડા અમીનો, દેસાઇઓ દાના તમામ. વસો૦ ૨૯
વભો વધાર્યો વડીલકેરો, રાખી રજવટ રીત રે;
વિકસિત વસોમધ્યે ગોપાળદાસ, અલએલ્લાજ આદીત. વસો૦ ૩૦
ગોપાળદાસ ગુણસાગર ભરિયા, રાખ્યું નામ પ્રમાણે નુર રે;
સનમાન પામે સારે દરજ્જે, ગાયકવાડકેરી હજુર. વસો૦ ૩૧
વિશ્વપ્રસિદ્ધ વિહારીદાસ દેસાઈનો, પ્રતાપી મોટો પરિવાર રે;
ઘાસાહેબ નાનાસાહેબ સાધુરામ, ખુશ હવા માન કુમાર. વસો૦ ૩૨
દીર્ઘાયુષ રહો દેસાઇજી, ગુણિયલ ગોપાળદાસ રે;
આત્મજ અંબાઇદાસજ કેરા, વસોમાં જેમનો વાસ. વસો૦ ૩૩
દીર્ઘાયુષ રહો દંપતીકેરૂ, મેરૂ સમ વધો મહિમાય રે;
શિવલાલ કહે હો સફળ કામના, જયજય કરો જગરાય. વસો૦ ૩૪
દીર્ઘાયુષ રહો દોલતસિંહજી, દીગવિજયસિંહજી યુવરાજ રે;
જકતંએ ઝવેરભાઇ દીવાનનાં, કુશળ હો સઉ કાજ. વસો૦ ૩૫

દેસાઇજી દીવાન ઝવેરભાઇ નાથાભાઇ વિશે.

દુહા.

દેશાઇ કુલ દીપક મણિ, જસ્વી ઝવેરભાઈ;
વિવાહ પ્રસંગે વિશ્વમાં, છટાદાર કિર્તિ છાઈ. ૧
મનોહર કીધો માંડવો, મહા તેજનો અંબાર;
જનાબ ઝાલા રાજનો, દીપ્યો બહુ દરબાર. —૨
મોટો વિવાહ માંડીયો, તેડાવ્યા નરનાહ;
આમંત્રણો સુ મોકલી, વડિ વરિ વાહ વાહ. —૩
જમવા વગેરે જુક્તિથી, મુદિત હવા મેમાન;
પોશાકો દિધા પ્રિતથી, ગૃહસ્થ હવા ગુલતાન —૪

ઝવેરભાઇએ જકતમાં, ઓળખાવ્યું વિરસદ;
વિવાહ વડોજ આદરી, યસની વાળીજ હદ. —૫
કાયમ રહ્યો ભડ કેશરી, વિશુદ્ધ મોટા વઝીર;
લાયક લીંબડી રાજનાં, કામ કર્યાં અકસીર. —૬
દરશાવ્યું દુનિયાં વિશે, નામ પ્રમાણે નૂર;
વડેરા આ વિવાહથી, ઉમટયા હર્ષ અંકુર. —૭
જેથિ કરીને જેમનુ, વિવાહનું વીધાન;
લાયક જાણીને લખ્યું, વિર પુરૂષો વિદ્વાન. —૮
અધિક મોટા અનુભવી, બાહોશ બુદ્ધિ નિધાન;
રાજ કાજના કામથી, રીઝયા બહુ રાજાન. —૯
મોટાં મોટાં રાજની, વડિ કરી વઝીરાત;
મુબાર્કબાદી મેળવી, વડા હવા વિખ્યાત. —૧૦
પુત્રો પ્રતાપી તેમના, વિદ્યા વડી ભણેલ;
પસાર હવા પ્રાકમી, હોઉદા ને દરેલ. —૧૧
સલામત રખે શ્રીપતી, ઝવેરભાઇ દીવાન;
લાયક લીંબડી રાજના, ગૃહસ્થ વડા ગુણવાન. —૧૨
મ્હારાજાએ મોહથી, વડો કર્યો વિવાહ;
ચાવા દેશ ચડોતરે, વડિ વરી વાહવાહ. —૧૩
જેથિ કરીને જેમને, દેવા મોટું માન;
વડેરા આ વિવાહનું, બહુધા કીધું બ્યાન. —૧૪
ઝવેરભાઇએ જક્તમાં, કીધીજ કિર્તિ શ્વેત;
નિરાભિમાની નિર્મળા, એથી ઉપજ્યું હેત. —૧૫
સદા-ચરણી સુશાત્વકી, મોટા મર્તબાદાર;

ભડ દોલતસિંહ ભુપનો, દીપાવ્યો દરબાર. —૧૬
સરકારને વળિ સર્વમાં, મોટું મેળવ્યું માન;
રાજ કાજના કામમાં, બાહોસ બુદ્ધિ નિધાન.—૧૭
દીનમણિ દેશાઇજી, ઝધનું જ જવાહીર;
વીર વડા વીરસદના, ઇજતદાર અમીર. —૧૮

મનહરછંદ.

ઝવેર ઝવેરભાઇ, સદા રહો સુખદાઇ;
વડેરી વર્યા વડાઇ, વડાં વડાં રાજમાં.
મેળવી મુબાર્કબાદી, રીતી ભાંતી સહુ સાદી;
કદી ન હવા પ્રમાદી, લક્ષ વસા લાજમાં.
વિદ્ર વદન વિકાસી, સારી વર્યા સાહબારી;
પૂણ્ય પરબા પ્રકાશી, કૃપાળુ સું કાજમાં.
કહે કવિ શીવલાલ, ધર્મ નીતિ પ્રતિ પાલ;
ગણાયા દાના દયાલ, સુજ્ઞોની સમાજમાં.—૧

દુહા.

વિલંબ હવો વિવાહને, લખતાં મુને લગાર;
શરિરે સુખ ઉપજયે, ધ્યાન પાડ્યું બહાર. ૧
મહારાણાએ મોદથી, કીધો વિવાહ વિનોદ;
ફરજ અદા જેથી કરી, માયો નહિ મન મોદ. ૨
કદર બુજી કારભારીની, ધન્ય મહારાજા ધીર;
માન મુબાર્કબાદી ધરે, કામ કર્યું અકસીર. ૩
અચળ આયુષી પામજો, ઝાલા જસ્વી ભૂપ;
લાયક લીંબડી રાજના, રૂડા રજવટ રૂપ. ૪